નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગની બઢતી અને સીધી ભરતીના ફાળાની જગ્યાઓ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/EOD/e-file/17/2023/1918/A Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૦૨/૨૦૨૫

<u>વંચાણે લીધા</u>:

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૦૫/૨૦૨૪ નો સમાનાંકી ઠરાવ
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું તા:૦૨/૧૦/૨૦૨૫ નું જાહેરનામુ ક્રમાંક: GHL/2025/01/SJED/EOD/e-file/17/2024/1522/A Section

<u>આમુખ</u>:

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ (Cadre Strength) ૮૩ નિયત કરવામાં આવેલ છે. જેમાં બઢતી : સીધી ભરતીના રેશિયો ૪:૧ મુજબ બઢતીના ફાળે ૬૬ અને સીધી ભરતીના ફાળે ૧૭ જગ્યાઓ નિયત કરવામાં આવેલ.

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના જાહેરનામાથી આ સંવર્ગમાં ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાની જોગવાઇ દાખલ કરવા માટે ભરતી નિયમોમાં સુધારો કરી બઢતી : ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાથી બઢતી : સીધી ભરતીનો રેશિયો ૩:૧:૧ નિયત કરવામાં આવેલ છે. જેને આધારે આ સંવર્ગના સુધારેલ રેશિયો મુજબ બઢતી, ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાથી બઢતી અને સીધી ભરતીની જગ્યાઓ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગના ભરતી નિયમોમાં સુધારો કરી બઢતી : ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાથી બઢતી : સીધી ભરતીનો રેશિયો ૩:૧:૧ કરવામાં આવેલ હોવાથી આ સંવર્ગના મંજૂર ૮૩ સંખ્યાબળ (Cadre Strength) પૈકી બઢતીના ફાળે ૫૦ જગ્યાઓ,

ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાથી બઢતીના ફાળે ૧૭ જગ્યા અને સીધી ભરતીના ફાળે ૧૬ જગ્યાઓ આથી ફાળવવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવની જોગવાઇ તેટલા અંશે સુધારેલ ગણવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સક્ષમ કક્ષાએ તા.૧૭/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Feb-2025 (03:57 PM)

(હરિત આર. દોશી)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ રવાના:-</u>**

(૧) માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. રા. ક. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૪) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

(૫) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

(૬) સેક્શન અધિકારીશ્રી, ગ-૫ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં..

(૮) શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૫

(૯) નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ-૨૦૨૫